For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

### પાડોશી સાથે બોલાચાલી બાદ જીવલેણ હુમલો, ગંભીર ઇજાગ્રસ્ત પ્રમુખ હોસ્પિટલમાં સારવાર હેઠળ

# બાળકોના ઝઘડાની ફરિયાદ કરવા ગયેલા સોસાયટી પ્રમુખને બાલ્કનીમાંથી ફેંકી દીધા

**રહીશોમાં** ભારે રોષ, તાલુકા પોલીસે ગુનો નોંધી આરોપીની અટકાયત માટે કાર્યવાહી શરૂ કરી



(પ્રતિનિધિ) વડોદરા તા. 12

વડોદરાના સેવાસી રોડ પર આવેલી પ્રિયા ટોકીઝ નજીકની સનફ્લાવર હાઈટ્સ સોસાયટીમાં બાળકોના સામાન્ય ઝઘડાએ ગંભીર સ્વરૂપ ધારણ કરતાં સોસાયટીના પ્રમુખ પર જીવલેણ હુમલો થયાનો ચોંકાવનારો બનાવ સામે આવ્યો છે. ફરિયાદ કરવા ગયેલા પ્રમુખને પાડોશીએ માર માર્યા બાદ બાલ્કનીમાંથી નીચે ફેંકી દીધાનો આક્ષેપ થતાં સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે. ઘટનાને પગલે રહીશોમાં ભારે રોષ ફેલાયો છે અને કડક કાર્યવાહી કરવાની માંગ ઉઠી છે.

મળતી માહિતી મુજબ, સોસાયટીમાં બાળકો વચ્ચે સામાન્ય બોલાચાલી અને ઝઘડો થયો હતો. આ મુદ્દે શાંતિપૂર્ણ રીતે સમાધાન થાય તે હેતુથી સોસાયટીના પ્રમુખ દિનેશભાઈ આયરે તેમના પાડોશીના ઘરે રજૂઆત કરવા પહોંચ્યા હતા. જોકે, વાતચીત દરમિયાન પાડોશી ઉશ્કેરાઈ ગયો હતો અને બંને વચ્ચે ઉગ્ર બોલાચાલી શરૂ થઈ હતી. જોતજોતામાં મામલો એટલો વણસ્યો કે પાડોશીએ દિનેશભાઈ પર હુમલો કર્યો હતો.

આક્ષેપ મુજબ હુમલા બાદ આરોપીએ દિનેશભાઈ આયરેને પકડીને બાલ્કનીમાંથી સીધા નીચે ફેંકી દીધા હતા. નીચે પટકાતા તેમને શરીરના વિવિધ ભાગોમાં ગંભીર ઈજાઓ પહોંચી હતી. બૂમાબૂમ સાંભળી સોસાયટીના રહીશો દોડી આવ્યા હતા અને લોહીલુહાણ હાલતમાં તેમને તાત્કાલિક નજીકની હોસ્પિટલમાં ખસેડ્યા હતા. હાલ તેઓ સારવાર હેઠળ હોવાનું જાણવા મળ્યું છે. ઘટનાની જાણ થતાં પોલીસ પણ સ્થળ પર પહોંચી હતી અને પ્રાથમિક તપાસ હાથ ધરી હતી.

આ બનાવને પગલે સનફ્લાવર હાઈટ્સના રહીશોમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. ભોગ બનનારના પરિવારજનોએ વડોદરા તાલુકા પોલીસ સ્ટેશનમાં પાડોશી વિરુદ્ધ સત્તાવાર ફરિયાદ નોંધાવી છે. પોલીસે ફરિયાદના આધારે ગુનો નોંધી ઘટનાની તપાસ શરૂ કરી છે. સાથે જ આરોપીની અટકાયત માટે કાર્યવાહી હાથ ધરવામાં આવી હોવાનું પોલીસ સૂત્રોએ જણાવ્યું છે. સમગ્ર ઘટનાના સીસીટીવી ફૂટેજ તેમજ અન્ય પુરાવાઓના આધારે વધુ તપાસ કરવામાં આવી રહી છે.

### જંગ જામવાના સંકેત : ભાજપ અને કોંગ્રેસના ઉમેદવારો આજે ફોર્મ ભરશે

# માંજલપુર પેટા ચૂંટણી : કોંગ્રેસે માજી મંત્રી ભીખાભાઈ રબારીને ટિકિટ આપી



(પ્રતિનિધિ) વડોદરા તા.12

વડોદરાની માંજલપુર વિધાનસભા બેઠકની પેટાચૂંટણી માટે કોંગ્રેસે માજી મંત્રી ભીખાભાઈ રબારીને ટિકિટ આપી મેદાનમાં ઉતારતા અહીં રસપ્રદ જંગ જામવાની શક્યતા છે. ભાજપ અને કોંગ્રેસ બંનેના ઉમેદવાર સોમવારે ઉમેદવારી નોંધાવશે.

ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસે ભીખાભાઈ રબારીને ઉમેદવાર જાહેર કર્યા છે. ભીખાભાઈ માંજલપુર વિધાનસભા બેઠકના તાંદલજા અને દંતેશ્વર વિસ્તારમાં સારુ પ્રભુત્વ ધરાવતા હોવાથી અહીં ભાજપ માટે જીત આસાન નહીં રહે. 1985માં ભીખાભાઈએ ભાજપના જિતેન્દ્ર સુખડિયાને 24 હજારથી વધુ મતે હરાવ્યા હતા અને રાજ્યના ઉદ્યોગ અને ઉર્જા મંત્રી બન્યા હતા. કોંગ્રેસ પાસે તેમની પરંપરાગત મતબેંક હોવા ઉપરાંત ભીખાભાઈ રબારીની સ્વચ્છ પ્રતિભાનો પણ લાભ મળશે. ભાજપમાં હાલ તો બધા એક હોવાની સ્થિતિ દર્શાવી રહ્યા છે પરંતુ અંદરખાને અસંતોષ ભાજપને નુકસાન કરી શકે છે.

ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર સતીશ પટેલ આજે સોમવારે ઉમેદવારી પત્ર દાખલ કરશે. સ્વર્ગીય ધારાસભ્ય યોગેશ પટેલના અવસાન બાદ ખાલી પડેલી બેઠક માટે ભાજપે સતીશ પટેલને ઉમેદવાર જાહેર કર્યા છે. ઉમેદવારી નોંધાવવાની પ્રક્રિયા પહેલાં શનિવારે વડોદરા શહેર ભાજપ કાર્યાલય ખાતે પ્રદેશ મહામંત્રી અને મધ્ય ગુજરાતના પ્રભારી હિતેન્દ્ર ચૌહાણની અધ્યક્ષતામાં બેઠક યોજાઈ હતી. બેઠકમાં ઉમેદવારી નોંધાવવાના કાર્યક્રમ અને ચૂંટણીલક્ષી આયોજન અંગે ચર્ચા કરવામાં આવી હતી.

ભાજપ દ્વારા જાહેર કરાયેલી માહિતી મુજબ ઉમેદવારી પત્ર ભરવાના કાર્યક્રમમાં પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્મા ઉપસ્થિત રહેશે. ઉપરાંત રાજ્ય સરકારના કેટલાક મંત્રીઓ, પક્ષના પદાધિકારીઓ, પૂર્વ સાંસદો, પૂર્વ ધારાસભ્યો, વડોદરાના મેયર તથા શહેર ભાજપના હોદ્દેદારો પણ હાજરી આપશે. માંજલપુર વિધાનસભા બેઠક માટે ચૂંટણી પંચ દ્વારા જાહેર કરાયેલા કાર્યક્રમ મુજબ ઉમેદવારી નોંધાવવાની પ્રક્રિયા ચાલી રહી છે.

# પવન ફૂંકાતા રોડ પર ધૂળની ડમરી ઉડી, વાહનચાલકો પરેશાન



(પ્રતિનિધિ) વડોદરા,તા.12

વડોદરા શહેરમાં વરસાદે હાલ વિરામ લીધો હોવા છતાં વાદળછાયું વાતાવરણ યથાવત છે. હવામાન વિભાગના જણાવ્યા મુજબ દક્ષિણ-દક્ષિણ પશ્ચિમ દિશામાંથી કલાકના 35.2 કિમીની ઝડપે પવન ફૂંકાતા શહેરના વિવિધ વિસ્તારોમાં વૃક્ષોની ડાળીઓ અને હોર્ડિંગ પડવાની ઘટનાઓ નોંધાઈ હતી. તેજ પવનના કારણે રસ્તાઓ પર ધૂળની ડમરીઓ ઉડતાં વાહનચાલકોને વાહન ચલાવવામાં મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો.

હવામાન વિભાગના અનુમાન મુજબ આગામી એક સપ્તાહ સુધી શહેરમાં વાદળછાયું વાતાવરણ રહેવાની સાથે હળવા વરસાદની શક્યતા છે. જોકે 18 જુલાઈ સુધી કોઈ ખાસ હવામાન ચેતવણી જાહેર કરવામાં આવી નથી. રવિવારે શહેરનું મહત્તમ તાપમાન 34.4 ડિગ્રી અને લઘુત્તમ તાપમાન 28.4 ડિગ્રી નોંધાયું હતું, જ્યારે છેલ્લા 24 કલાક દરમિયાન વરસાદ નોંધાયો નહોતો. સવારે ભેજનું પ્રમાણ 72 ટકા અને સાંજે 64 ટકા રહ્યું હતું.

### રેલવે સ્ટેશન નજીક ગાબડું પડતાં સ્થાનિકોમાં ચિંતા, એલએન્ડટીની કામગીરી સામે આક્ષેપો

# બુલેટ ટ્રેન પ્રોજેક્ટમાં બેદરકારી? પિલ્લરના વજનથી રોડ બેસી જતાં ગુણવત્તા પર સવાલ

**તંત્રે** તાત્કાલિક પેચવર્ક શરૂ કર્યું, ઉચ્ચસ્તરીય તપાસની ઉઠી માંગ



(પ્રતિનિધિ) વડોદરા, તા. 12

વડોદરા રેલવે સ્ટેશન નજીક ચાલી રહેલા બુલેટ ટ્રેન પ્રોજેક્ટની કામગીરી દરમિયાન રોડ બેસી જવાની ઘટના સામે આવતા પ્રોજેક્ટની ગુણવત્તા અંગે સવાલો ઊભા થયા છે. પિલ્લરના ભારે વજનને કારણે રોડનો એક ભાગ બેસી જતાં અને ગાબડું પડ્યાના દ્રશ્યો સામે આવ્યા છે. ઘટનાએ સ્થાનિકોમાં ચિંતા ફેલાવી છે.

મળતી માહિતી મુજબ, રેલવે સ્ટેશન નજીક બુલેટ ટ્રેનના વાયડક્ટ માટે પિલ્લરોનું નિર્માણ કાર્ય ચાલી રહ્યું છે. આ દરમિયાન પિલ્લરના ભારને કારણે નીચેનો રોડનો હિસ્સો ધસી ગયો હોવાનું સ્થાનિકોએ નોંધ્યું હતું. કેન્દ્ર સરકારના આ મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટની કામગીરી એલએન્ડટી કંપની દ્વારા કરવામાં આવી રહી છે. જોકે ઘટનાને પગલે સ્થાનિકોએ કામની ગુણવત્તા અને દેખરેખ સામે ગંભીર પ્રશ્નો ઉઠાવ્યા છે. તેમનું કહેવું છે કે કામગીરી ઉતાવળમાં અને પૂરતી તકેદારી વિના કરવામાં આવી રહી છે.

ઘટનાની જાણ થતાં જ સંબંધિત તંત્ર સ્થળ પર દોડી આવ્યું હતું અને નુકસાનગ્રસ્ત સ્થળે તાત્કાલિક પેચવર્કની કામગીરી હાથ ધરી હતી. જોકે, આ પ્રકારની ઘટના સામે આવતાં કરોડો રૂપિયાના પ્રોજેક્ટની ગુણવત્તા અંગે નાગરિકોમાં અસંતોષ જોવા મળી રહ્યો છે. સ્થાનિકોએ સમગ્ર મામલે ઉચ્ચસ્તરીય તપાસ કરાવી જવાબદારી નક્કી કરવાની તેમજ ભવિષ્યમાં આવી બેદરકારી ન બને તે માટે કડક પગલાં લેવા માંગ કરી છે.

### વાહન રજિસ્ટ્રેશન અને ફિટનેસના નિયમો બદલાયા

# ફિટનેસ રિન્યૂઅલમાં વિલંબ કરશો તો દરરોજ રૂ. ૫૦ લેટ ફી ભરવી પડશે

**વાહન** વ્યવહાર કમિશનરે તમામ આરટીઓ-એઆરટીઓને જીએસઆર-349(ઈ) મુજબ કામગીરી કરવા સૂચના આપી

(પ્રતિનિધિ) વડોદરા, તા. 12

રાજ્યના વાહન માલિકો માટે મહત્વના સમાચાર છે. વાહન વ્યવહાર કમિશનર કચેરી, ગાંધીનગર દ્વારા રાજ્યની તમામ આરટીઓ અને એઆરટીઓ કચેરીઓને જીએસઆર-349(ઈ)ના અમલીકરણ અંગે પરિપત્ર જારી કરવામાં આવ્યો છે. નવા નિયમ મુજબ નોન-ટ્રાન્સપોર્ટ ખાનગી વાહનોના પ્રથમ ફિટનેસ પ્રમાણપત્ર બાદ આગામી ફિટનેસ રિન્યૂઅલમાં વિલંબ થશે તો દરરોજ રૂ. 50ની લેટ ફી વસૂલવામાં આવશે.

માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રાલયે 8 મેના રોજ જાહેર કરેલી સૂચનાના અમલ માટે આ નિર્ણય લેવામાં આવ્યો છે. એનઆઈસી દ્વારા જરૂરી ટેકનિકલ સુધારા પૂર્ણ ન થાય ત્યાં સુધી તમામ કચેરીઓને નોટિફિકેશનમાં દર્શાવેલી જોગવાઈ મુજબ કામગીરી કરવાની સૂચના આપવામાં આવી છે. પરિપત્ર મુજબ નોન-ટ્રાન્સપોર્ટ ખાનગી વાહનોના રજિસ્ટ્રેશનના રિન્યૂઅલ માટે કેન્દ્રીય મોટર વાહન નિયમો અનુસાર નિર્ધારિત ફી વસૂલવામાં આવશે.

પરિપત્રમાં સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે GSR-349(E) હેઠળ પ્રથમ વખત નોન-ટ્રાન્સપોર્ટ વાહનો માટે ફિટનેસ પ્રમાણપત્ર ફરજિયાત બનાવવામાં આવ્યું છે. તેથી પ્રથમ વખત ફિટનેસ ટેસ્ટમાં વિલંબ થાય તો રૂ. 50 પ્રતિ દિવસની વધારાની લેટ ફી લાગુ પડશે નહીં. પરંતુ એકવાર પ્રથમ ફિટનેસ પૂર્ણ થયા બાદ ભવિષ્યમાં થતા દરેક ફિટનેસ રિન્યૂઅલમાં વિલંબ થશે તો રૂ. 50 પ્રતિ દિવસનો દંડ ચૂકવવો પડશે.

### એફડીના બહાને ચેક મેળવી મિત્રના ખાતામાં RTGSથી રકમ ટ્રાન્સફર કરી

# એક્સિસ બેંકના સેલ્સ મેનેજરે સિનિયર સિટિઝનને રૂ.૫ લાખનો ચુનો ચોપડ્યો

**બે આરોપીઓ** સામે પોલીસ ફરિયાદ નોંધાઈ

(પ્રતિનિધિ) વડોદરા તા.12

વડોદરા શહેરના સમા કેનાલ રોડ પર ચંદનપાર્ક સોસાયટી સામે રહેતા 61 વર્ષીય નિવૃત્ત સીનીયર સીટીઝન સાથે પોતાને એક્સિસ બેંકનો સેલ્સ મેનેજર તરીકે ઓળ આપી ઠગે વિશ્વાસ કેળવી 5 લાખ રૂપિયાની ઠગાઈ આચરી છે. સમગ્ર મામલે ભોગ વૃદ્ધે ફરિયાદ નોંધાવતા પોલીસે બે આરોપીઓ સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

સમા કેનાલ પાસે રહેતા નિરંજનભાઈ મહેતા એલેમ્બિક પ્રાઈવેટ લિમિટેડમાંથી નિવૃત્ત થયા બાદ તેમનું સેલરી એકાઉન્ટ સમા-સાવલી રોડ સ્થિત એક્સિસ બેંકમાં હતું. બેંકમાં આવનજાવન દરમિયાન તેમની ઓળખાણ જયેશકુમાર લીંબાભાઈ પરમાર સાથે થઈ હતી, જેણે પોતાને બેંકનો સેલ્સ મેનેજર તરીકે ઓળખ આપી હતી. તેણે નિવૃત્તિ બાદ મળેલી પીએફ અને ગ્રેચ્યુઈટીની રકમ ફિક્સ ડિપોઝિટ અને પેન્શન યોજનાઓમાં રોકાણ કરાવવાની સલાહ આપી હતી. એટલું જ નહીં, સિનિયર સિટિઝનની સુવિધાના બહાને તેમના ઘરે જઈ અલગ-અલગ તારીખોએ એફડી કરાવી આપી વિશ્વાસ પણ જીતી લીધો હતો.

બાદમાં આરોપીએ અગાઉ કરાવેલી એક એફડી તોડાવી નવી સ્કીમમાં રૂ.5 લાખની એફડી કરાવવાના બહાને તેમની પાસેથી સહી કરેલો ચેક મેળવી લીધો હતો. જોકે નવી એફડી બનાવવાને બદલે આરોપીએ તેમનો ચેક અને RTGS ફોર્મ પર ખોટી સહીઓ કરીને છાણી જકાતનાકા સ્થિત બેંક શાખામાંથી રૂ.5 લાખ પોતાના મિત્ર સુજીતસિંહ ધર્મસિંહ ગોહિલના એચડીએફસી બેંક ખાતામાં ટ્રાન્સફર કરાવી દીધો હતો.

આ સમગ્ર કૌભાંડનો ભાંડો ત્યારે ફૂટ્યો જ્યારે વૃદ્ધ વર્ષ 2025ના અંતમાં પોતાની પેન્શન સ્કીમ અંગે માહિતી મેળવવા બેંક પહોંચ્યા હતા. તપાસ દરમિયાન નવી એફડી જ ન હોવાનું અને રકમ અન્ય ખાતામાં ટ્રાન્સફર થઈ હોવાનું સામે આવ્યું હતું.

આ મામલે જયેશકુમાર લીંબાભાઈ પરમાર (રહે. વેદા-02 ફ્લેટ, એલેમ્બિક કિઆરા એપાર્ટમેન્ટ, વડોદરા) અને સુજીતસિંહ ધર્મસિંહ ગોહિલ (રહે. પાદરા, જી. વડોદરા) સામે ખોટી સહી કરી છેતરપિંડી સહિતની કલમો હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. પોલીસે સમગ્ર નાણાકીય વ્યવહારોની તપાસ શરૂ કરી આરોપીઓ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# TAT મુખ્ય પરીક્ષા ૨ ઓગસ્ટે લેવાશે હોલ ટિકિટ ૨૦મીએ ડાઉનલોડ થશે

**પ્રાથમિક** પરીક્ષામાં ૫૧૯૭૧ ઉમેદવારો પાસ, ૩૫% ગુણ સાથે મુખ્ય પરીક્ષા માટે ક્વોલિફાય

(પ્રતિનિધિ) વડોદરા,તા.12

સરકારી અને ગ્રાન્ટેડ ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષક તરીકે નિમણૂક મેળવવા ઈચ્છતા ઉમેદવારો માટે મહત્વના સમાચાર છે. રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા શિક્ષક અભિરુચિ કસોટી ઉચ્ચતર માધ્યમિક ટેટ એચએસ ની મુખ્ય પરીક્ષાની તારીખ જાહેર કરવામાં આવી છે.

ટેટ-એચએસની મુખ્ય પરીક્ષાનું આયોજન તારીખ 2 ઓગસ્ટ 2026 ના રોજ કરવામાં આવશે. પરીક્ષા આપનાર તમામ ઉમેદવારો તેમની હોલ ટિકિટ તારીખ 20 જુલાઈ 2026 થી બોર્ડની સત્તાવાર વેબસાઈટ પરથી ડાઉનલોડ કરી શકશે. ઉમેદવારોએ હોલ ટિકિટ ડાઉનલોડ કરવા માટે વેબસાઈટનો જ ઉપયોગ કરવાનો રહેશે. બોર્ડ દ્વારા સ્પષ્ટતા કરવામાં આવી છે કે જાહેરનામાની અન્ય તમામ બાબતો અને નિયમો યથાવત રહેશે. ટેટ-એચએસની પ્રાથમિક પરીક્ષા માટે રાજ્યભરમાંથી કુલ 1,65,024 ઉમેદવારોએ નોંધણી કરાવી હતી. જેમાંથી પરીક્ષાના દિવસે કુલ 1,47,584 ઉમેદવારો હાજર રહ્યા હતા. બોર્ડે ગત 16 જૂનના રોજ આ પ્રાથમિક કસોટીનું પરિણામ જાહેર કર્યું હતું. નિયમ અનુસાર, મુખ્ય પરીક્ષામાં બેસવા માટે ઉમેદવારોએ પ્રાથમિક પરીક્ષામાં ઓછામાં ઓછા 35 ટકા એટલે કે 70 કે તેથી વધુ ગુણ મેળવવા ફરજિયાત હતા. આ કસોટીમાં રાજ્યના કુલ 51,971 ઉમેદવારો 35 ટકા કે તેથી વધુ ગુણ મેળવીને સફળ થયા છે. હવે આ તમામ ઉમેદવારો 2 ઓગસ્ટે મુખ્ય પરીક્ષામાં ભાગ લેશે. દરમિયાન, સુપ્રીમ કોર્ટ દ્વારા શિક્ષકો માટે ભરતી કે નોકરી ચાલુ રાખવા માટે ટેટ પરીક્ષા પાસ કરવી ફરજિયાત છે તેના વિરોધમાં અને સરકાર આ નિર્ણય પાછો ખેંચે તેવી માંગ સાથે ગતરોજ ગાંધીનગરમાં સત્યાગ્રહ છાવણી ખાતે શિક્ષકોએ મોટી સંખ્યામાં ધરણા પણ કર્યા હતા.

### કામદાર છેલ્લા ૨૫ વર્ષથી કંપનીમાં કોન્ટ્રાક્ટર પરફરજ બજાવતા હતા

# એપોલો ટાયરમાં ફરજ દરમિયાન કામદારનું મોત, પરિવારના વિરોધ બાદ કંપની વળતર આપવા સંમત

**કંપની** ગેટ બહાર પરિવારજનોના ધરણા, યોગ્ય વળતરની બાંહેધરી બાદ મૃતદેહ સ્વીકાર્યો




(પ્રતિનિધિ) વડોદરા,તા.12

વાઘોડિયાના લીમડા ગામની એપોલો ટાયર કંપનીમાં ફરજ દરમિયાન એક કામદારનું કરુણ મોત થતા ભારે હોબાળો મચ્યો હતો. છેલ્લા 25 વર્ષથી કંપનીમાં કોન્ટ્રાક્ટ પર ફરજ બજાવતા વિષ્ણુભાઈ સોલંકીનું ફરજ દરમિયાન અવસાન થયું હતું.

મૃતકના પરિવારજનોનો આક્ષેપ છે કે, સવારે 8:00 વાગ્યે કંપનીમાંથી ફોન આવ્યો હતો કે વિષ્ણુભાઈની તબિયત બગડતા તેમને નજીકની હોસ્પિટલ લઈ જવામાં આવી રહ્યા છે. પરંતુ પરિવારજનો જ્યારે હોસ્પિટલ પહોંચ્યા ત્યારે ડોક્ટરોએ તેમને મૃત જાહેર કર્યા હતા. પરિવારનો આરોપ છે કે વિષ્ણુભાઈનું મોત કંપની અંદર જ થયું હતું. 25 વર્ષથી કંપનીમાં સેવા આપવા છતાં યોગ્ય વળતર નહીં મળે તેવા ભયથી પરિવારજનો અને સગા-સંબંધીઓ કંપનીના ગેટ બહાર ભેગા થઈ ગયા હતા. વિરોધ કરતા પરિવારે કહ્યું કે જ્યાં સુધી યોગ્ય વળતર નહીં મળે ત્યાં સુધી અમે મૃતદેહ સ્વીકારીશું નહીં. પરિવારજનોએ વધુમાં જણાવ્યું કે વિષ્ણુભાઈ છેલ્લા 25 વર્ષથી એપોલો ટાયરમાં કામ કરતા હતા. દર પાંચ વર્ષે કોન્ટ્રાક્ટ બદલાતો હતો. કંપનીના અધિકારીઓએ શરૂઆતમાં નિયમ મુજબ વળતર આપવાની વાત કરી હતી પરંતુ કોઈ ચોક્કસ રકમ જાહેર કરી ન હતી. લાંબા સમય સુધી ચાલેલા વિરોધ બાદ અંતે કંપની મેનેજમેન્ટને નમતું જોખવું પડ્યું હતું. મેનેજમેન્ટ દ્વારા નિયમ મુજબ યોગ્ય વળતર આપવાની લેખિત બાંહેધરી આપવામાં આવી હતી. જે બાદ પરિવારજનો મૃતદેહ સ્વીકારવા માટે સંમત થયા હતા.

### ઇન્ટરનેશનલ માફિયાઓમાં ફફડાટ; કસ્ટમ અધિકારીઓને ધમકીભર્યા ફોનોથી દબાણ બનાવવાના પ્રયાસો

# અમદાવાદ-સુરત એરપોર્ટ પર અઢી વર્ષમાં ૪૮૦ કરોડનું ડ્રગ્સ-સોનું જપ્ત

**ડ્રગ્સ-ગોલ્ડ** સિન્ડિકેટ સામે કસ્ટમનો કડક પ્રહાર, પ્રોફાઇલિંગના આધારે કેરિયરો ઝડપાયા

(પ્રતિનિધિ) વડોદરા તા.12

અમદાવાદ અને સુરત એરપોર્ટ પરથી છેલ્લા અઢી વર્ષ દરમિયાન કસ્ટમ વિભાગે ડ્રગ્સ અને સોનાની દાણચોરી સામે નોંધપાત્ર સફળતા મેળવી છે. આ દરમિયાન અંદાજે **300 કરોડથી વધુનું ડ્રગ્સ** અને **180 કરોડથી વધુનું દાણચોરીનું સોનું** જપ્ત કરવામાં આવ્યું છે. કુલ મળીને આશરે **480 કરોડથી વધુના મુદ્દામાલની જપ્તી** થતાં આંતરરાષ્ટ્રીય ડ્રગ્સ અને ગોલ્ડ સ્મગલિંગ સિન્ડિકેટમાં ભારે ફફડાટ ફેલાયો છે. કસ્ટમ વિભાગના એર ઈન્ટેલિજન્સ યુનિટ (AIU) દ્વારા મુસાફરોના પ્રોફાઈલિંગ, ટ્રાવેલ હિસ્ટ્રી અને અન્ય ગુપ્ત માહિતીના આધારે સતત નજર રાખવામાં આવી રહી છે, જેના કારણે સ્મગલિંગ માટે કેરિયર તરીકે ઉપયોગમાં લેવાતા અનેક મુસાફરો ઝડપાઈ રહ્યા છે.

સૂત્રોના જણાવ્યા મુજબ, મહિલાઓ સહિત વિવિધ કેરિયરો મારફતે વિદેશથી સોનાની દાણચોરીના પ્રયાસો હજુ પણ થઈ રહ્યા છે. સ્મગલરો દ્વારા સોનું શરીર પર, કપડાંમાં, બેગના ગુપ્ત ખાંચામાં તેમજ ઈલેક્ટ્રોનિક્સ અને અન્ય સામાનમાં છુપાવી લાવવાના પ્રયાસો કરવામાં આવે છે. જોકે, કસ્ટમ અધિકારીઓની સતર્કતા અને આધુનિક સ્કેનિંગ સિસ્ટમને કારણે આવા અનેક પ્રયાસો નિષ્ફળ સાબિત થયા છે. મોટાભાગના કેસોમાં જપ્ત કરાયેલું સોનું કસ્ટમના નિયમો મુજબ કેન્દ્ર સરકારના હસ્તક જમા કરવામાં આવે છે, જ્યારે માત્ર 15થી 20 ટકા કેસોમાં જ મુસાફરો ડ્યુટી, દંડ અને પેનલ્ટી ભરી કાયદાકીય પ્રક્રિયા પૂર્ણ કરી સોનું પરત મેળવી શકે છે.




તાજેતરમાં ડીઆરઆઈની પુણે ઝોનલ ઓફિસના એક અધિકારીને દુબઈથી ધમકીભર્યો ફોન આવ્યો હતો, જેમાં જપ્ત કરાયેલ સામાન છોડાવી આપવા દબાણ કરાયું હોવાનું સામે આવ્યું છે. આ મામલે પોલીસ ફરિયાદ પણ નોંધાઈ છે. કસ્ટમ સૂત્રોના જણાવ્યા મુજબ, આવા ધમકીભર્યા ફોન અન્ય એરપોર્ટના અધિકારીઓને પણ આવતા રહે છે. આંતરરાષ્ટ્રીય સ્મગલિંગ સિન્ડિકેટ એરપોર્ટ પર કયા અધિકારી કઈ શિફ્ટમાં ફરજ પર છે તેની માહિતી મેળવવાનો પ્રયાસ કરી વિવિધ રીતે દબાણ ઊભું કરવાની કોશિશ કરે છે. કસ્ટમ વિભાગે સ્પષ્ટ કર્યું છે કે તમામ કાર્યવાહી કસ્ટમ એક્ટ અને કાયદાકીય જોગવાઈઓ મુજબ જ કરવામાં આવે છે અને કોઈપણ પ્રકારની ધમકીથી અધિકારીઓ પ્રભાવિત થતા નથી. ભૂતકાળમાં એરપોર્ટના કેટલાક ગ્રાઉન્ડ સ્ટાફની સંડોવણી સામે આવતાં તેમની ધરપકડ પણ કરવામાં આવી હતી. હાલ કસ્ટમ અને ડીઆરઆઈ દ્વારા ઈન્ટેલિજન્સ આધારિત સર્વેલન્સ વધુ મજબૂત બનાવવામાં આવ્યું છે, જેથી ડ્રગ્સ અને ગોલ્ડ સ્મગલિંગના પ્રયાસોને સમયસર નિષ્ફળ બનાવી શકાય.

### પાણી પુરવઠા વિભાગ ઊંઘતું ઝડપાયું

# વડોદરામાં કરોડોના ખર્ચે શુદ્ધ કરાયેલું લાખો લીટર પાણી ગટરોમાં હોમાયુ

**સમા-છાણી** કેનાલ રોડ પાણી-પાણી: મુખ્ય લાઈન લીક થતાં વિસ્તારમાં પૂર જેવી સ્થિતિ, પ્રશાસનની પોકળ વાતોની ખુલી પોલ



(પ્રતિનિધિ) વડોદરા તા.12

સ્માર્ટ સિટી વડોદરામાં પાણી પુરવઠા વિભાગની વધુ એક બેદરકારી સામે આવી છે. સમા-છાણી કેનાલ રોડ પાસે પીવાના પાણીની મુખ્ય પાઈપલાઈનમાં અચાનક ભંગાણ સર્જાતા લાખો લીટર શુદ્ધ પાણી રસ્તા પર વહી ગયું હતું. જોતજોતામાં સમગ્ર વિસ્તાર જળબંબાકાર બની ગયો હતો, જેના કારણે વાહનચાલકો અને રાહદારીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. પાણી રસ્તા પરથી વહીને ગટરોમાં જતાં નાગરિકોમાં ભારે રોષ ફેલાયો છે.

ઘટનાના કારણે માર્ગ પર ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ હતી. સ્થાનિકોના જણાવ્યા મુજબ, શહેરના અનેક વિસ્તારોમાં આજે પણ પૂરતું પીવાનું પાણી મળતું નથી, જ્યારે બીજી તરફ આવી બેદરકારીને કારણે લાખો લીટર પાણી વેડફાઈ રહ્યું છે. પાણીની અછત વચ્ચે થયેલો આ બગાડ તંત્રની કામગીરી સામે અનેક સવાલો ઊભા કરે છે. સ્થાનિક રહીશોએ આક્ષેપ કર્યો હતો કે મહાનગરપાલિકા સ્માર્ટ સિટીના દાવા કરે છે, પરંતુ પાણીની લાઈનોમાં વારંવાર ભંગાણ, દૂષિત પાણી અને જાળવણીના અભાવ જેવી સમસ્યાઓ યથાવત છે. કોન્ટ્રાક્ટરોની નબળી કામગીરીને કારણે આવી ઘટનાઓ બનતી હોવાનો આક્ષેપ કરી જવાબદાર સામે કડક કાર્યવાહી કરવાની અને પાણી પુરવઠાની કામગીરીની ઉચ્ચસ્તરીય તપાસ કરવાની માંગ ઉઠી છે.